# મહિલા બોક્સરોનો ડંકો; પ્રીતિ અને જૈસ્મીને ગોલ્ડ મેડલ જીત્યા

ગ્લાસગો, તા. 1 (પીટીઆઈ): ગ્લાસગો ખાતે રમાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સ 2026માં શનિવારનો દિવસ ભારતીય બોક્સિંગ માટે અત્યંત સફળ સાબિત થયો હતો. મહિલા બોક્સર પ્રીતિ પવાર અને જૈસ્મીન લંબોરિયાએ પોતાનું ઉત્કૃષ્ટ વર્ચસ્વ જાળવી રાખીને દેશ માટે 2 ગોલ્ડ મેડલ જીત્યા હતા. બીજી બાજુ પુરુષ વર્ગમાં જદુમણી સિંહે સિલ્વર મેડલ જીત્યો હતો.

મહિલાઓના 54 કિલો વર્ગમાં 22 વર્ષીય પ્રીતિ પવારે કેનેડાની સ્કારલેટ ડેલ્ગાડો સામે 5-0થી એકતરફી અને શાનદાર વિજય મેળવીને ભારતને દિવસનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. બેન્ટમવેટ ડિવિઝનમાં વિશ્વમાં 3જો ક્રમાંક ધરાવતી પ્રીતિએ મેચની શરૂઆતથી જ આક્રમક રમત દાખવી હતી. પાંચેય જજિસે પ્રથમ રાઉન્ડમાં તેના પક્ષમાં 10-8થી નિર્ણય આપ્યો હતો. તેણે આ જ લય બીજા રાઉન્ડમાં પણ જાળવી રાખીને વિજય સુનિશ્ચિત કર્યો હતો. આ અગાઉ સેમિફાઈનલમાં પણ તેણે ઝામ્બિયાની કેથરિન મ્વાપેને 5-0થી પરાજય આપ્યો હતો.

બીજી તરફ, મહિલાઓના 57 કિલો વર્ગમાં વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન જૈસ્મીન લંબોરિયાએ 5-0ના સ્કોરલાઈન સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે નોર્ધર્ન આયર્લેન્ડની ડિફેન્ડિંગ ચેમ્પિયન મિશેલા વોલ્શને હરાવીને ગોલ્ડ પોતાના નામે કર્યો હતો. પ્રથમ રાઉન્ડમાં મજબૂત ટક્કર બાદ જૈસ્મીને બીજા રાઉન્ડમાં સચોટ અને ભારે પંચ લગાવીને સર્વસંમતિથી રાઉન્ડ જીતી લીધો હતો અને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.





# અજિંક્ય રહાણેની નિવૃત્તિ સાથે ટેસ્ટ ક્રિકેટના એક સુવર્ણ યુગનો અંત

**રહાણેએ** ભારતને ઓસ્ટ્રેલિયાના ગઢ 'ધ ગાબ્બા' ખાતે અભૂતપૂર્વ પ્રથમ જીત પણ અપાવી અને તેની સાથે શ્રેણી વિજય પણ અપાવ્યો હતો

અજિંક્ય રહાણેની નિવૃત્તિ ટેસ્ટ ક્રિકેટમાં ભારતને કેટલીક શ્રેષ્ઠ ક્ષણો આપનારા બેટિંગ યુગનો અંત લાવે છે. ચેતેશ્વર પૂજારા, રોહિત શર્મા, વિરાટ કોહલી અને હવે રહાણે. તે કેવા પ્રકારનું બેટિંગ લાઇન-અપ હતું અને તેણે આપણને ક્રિકેટ પ્રેમીઓને કેવી અદભુત ક્ષણો આપી. તે તેમની પહેલાના યુગ - વિરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર, રાહુલ દ્રવિડ, સચિન તેંડુલકર, સૌરવ ગાંગુલી અને વી વી એસ લક્ષ્મણ જેટલું જ ખાસ હતું.

મને યાદ છે જ્યારે અમે એક નવદંપતીના રિસેપ્શનમાં તેમને શુભેચ્છા આપવા માટે લાઇનમાં ઉભા હતા ત્યારે મિલિંદ રેગે દ્વારા મારી ઓળખાણ યુવાન રહાણે સાથે કરાવવામાં આવી હતી. મિલિંદને તેણે જે રીતે સન્માનપૂર્વક નમસ્કાર કર્યા, તેથી હું તરત જ પ્રભાવિત થયો હતો. મિલિંદ માત્ર મુંબઈના બેટિંગ ભવિષ્ય તરીકે જ નહીં પરંતુ ભારતના ભવિષ્ય તરીકે પણ રહાણે અને રોહિત શર્માની ખૂબ પ્રશંસા કરતો હતો. બંનેએ મારા સ્વર્ગસ્થ મિત્રને તેમની ક્ષમતાઓ પર જે વિશ્વાસ હતો તેને સાર્થક કરી બતાવ્યો. તેઓએ અલગ-અલગ શૈલીમાં આ કર્યું અને તે પ્રક્રિયામાં ક્રિકેટ પ્રેમીઓને યાદગાર ક્ષણો આપી. રહાણેનું વિદેશમાં પ્રદર્શન ભારતમાં કરાયેલા પ્રદર્શન કરતાં ઘણું સારું હતું અને ત્યાંની પિચો દ્વારા મળતા રીયલ બાઉન્સનો તેણે આનંદ માણ્યો જ્યાં તે ઓન ધ રાઈઝ રમી શકતો હતો. તેના કારણે તે મુશ્કેલીમાં પણ મુકાયો જ્યારે બોલ થોડો સ્વિંગ થયો, પરંતુ જ્યારે પણ ભારત મુશ્કેલીમાં હતું ત્યારે હંમેશા અજિંક્ય તેના શ્રેષ્ઠ ફોર્મમાં હતો.

કેપ્ટન તરીકેનો તેનો રેકોર્ડ 6માંથી 4 જીત અને એક પણ હાર વગર અસાધારણ છે. રાહુલ દ્રવિડની જેમ, જેમણે તેમની કેપ્ટનશીપ હેઠળ કેટલીક ભવ્ય જીત મેળવી હતી પરંતુ તેમને ક્યારેય જે શ્રેય મળવો જોઈતો હતો તે મળ્યો નહીં, તેવી જ રીતે રહાણેના નેતૃત્વને પણ ભાગ્યે જ એવી પ્રશંસા મળી જેનો તે હકદાર હતો. ભારતીય ક્રિકેટમાં આ સામાન્ય છે. જ્યારે ટીમ જીતે છે, ત્યારે તમામ પ્રશંસા બેટ્સમેન કે બોલર હોય તેવા વ્યક્તિગત પ્રદર્શન કરનારાઓને જાય છે, પરંતુ જ્યારે ટીમ હારે છે ત્યારે કેપ્ટન અને કોચ પર દોષનો ટોપલો ઢોળવામાં આવે છે.

2021ના ઓસ્ટ્રેલિયા પ્રવાસની પ્રથમ ટેસ્ટમાં 36 રનમાં ઓલઆઉટ થયા પછી, રહાણેએ રવિ શાસ્ત્રી સાથે મળીને ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી હતી. વાઇસ-કેપ્ટને એક એવી હોડી સંભાળી જે ડૂબવા માટે તૈયાર હતી અને તેને માત્ર શાંત પાણીમાં જ પહોંચાડી નહીં પરંતુ ભારતને ઓસ્ટ્રેલિયાના ગઢ 'ધ ગાબ્બા' ખાતે અભૂતપૂર્વ પ્રથમ જીત પણ અપાવી અને તેની સાથે શ્રેણી વિજય પણ અપાવ્યો. વાસ્તવમાં, શ્રેણીની અંતિમ ટેસ્ટમાં જ્યારે મોટાભાગના ટોચના ખેલાડીઓ ઈજાના કારણે ઉપલબ્ધ ન હતા, ત્યારે ભારતે ટેસ્ટ ક્રિકેટમાં તેની સૌથી મોટી જીત મેળવી હતી. તેણે ફરી એક વાર સાબિત કર્યું કે આ રમતમાં કોઈ પણ ખેલાડી અનિવાર્ય નથી.



**લેઈટ કટ**


**- સુનિલ ગવાસ્કર**

રહાણે સંપૂર્ણપણે અહંકારરહિત રીતે રમત રમવા બદલ ક્રિકેટ પ્રેમીઓનો સાચો આભાર અને પોતાનું માથું ઊંચું રાખીને રમત છોડી રહ્યો છે. ઘણા ક્રિકેટરો વિશે એવું કહી શકાતું નથી કે રમતમાં તેમનો એક પણ દુશ્મન નહોતો. મારી શ્રેષ્ઠ જાણકારી અને અનુભવ મુજબ કદાચ 12થી પણ ઓછા આવા ખેલાડીઓ હશે. અજિંક્ય રહાણે પોતાની નમ્રતા સાથે તે યાદીમાં પોતાનું સ્થાન લઈ શકે છે.

ભારતીય ક્રિકેટને તમારા પર ગર્વ છે અજિંક્ય અને તમારી અદ્ભુત સેવાઓ બદલ અમે તમારો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તમે રમવાનું બંધ કર્યું હશે, પરંતુ ભારતીય ક્રિકેટને તેને વધુ ઊંચાઈઓ પર લઈ જવા માટે તમારી અને તમારી નિષ્ણાત સલાહ તથા અનુભવની જરૂર છે.

# CWG: નીરજ ચોપરાએ સિલ્વર, યશવીર સિંહે બ્રોન્ઝ જીત્યો





**ઈજા** બાદ વાપસી કરી રહેલા નીરજે 85.83 મીટરનો થ્રો કર્યો

**ડેબ્યુટન્ટ** યશવીરે અંતિમ પ્રયાસમાં 85.41 મીટરનો થ્રો ફેંકીને પોડિયમ પર સ્થાન મેળવ્યું

ગ્લાસગો, તા. 31 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં શુક્રવારે મોડી રાત્રે પુરુષોની જેવલિન થ્રો સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ સિલ્વર અને બ્રોન્ઝ બંને મેડલ પોતાના નામે કર્યા હતા.

ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ વિપરીત હવામાન અને ઈજા બાદના પુનરાગમન વચ્ચે 85.83 મીટરનો થ્રો કરીને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. 28 વર્ષીય ઓલિમ્પિક ચેમ્પિયન નીરજે પોતાના બીજા પ્રયાસમાં આ સીઝનનો શ્રેષ્ઠ થ્રો નોંધાવ્યો હતો. નીરજ માટે આ પરિણામ સંતોષજનક રહ્યું હતું કારણ કે તે પીઠની ઈજામાંથી મુક્ત થઈને ધીમે ધીમે પોતાની લય પાછી મેળવી રહ્યો છે.

બીજી તરફ, 24 વર્ષીય ડેબ્યુટન્ટ યશવીર સિંહે પોતાના છઠ્ઠા અને અંતિમ પ્રયાસમાં 85.41 મીટરનો પર્સનલ બેસ્ટ થ્રો ફેંકીને સહુને ચોંકાવી દીધા હતા અને બ્રોન્ઝ મેડલ જીતી લીધો હતો. પાંચમા રાઉન્ડ સુધી તે 81.33 મીટરના થ્રો સાથે 7મા ક્રમે હતો, પરંતુ અંતિમ પ્રયાસમાં રોમાંચક વાપસી કરીને નીરજ ચોપરા સાથે પોડિયમ શેર કર્યું હતું.

શ્રીલંકાના સ્ટાર ખેલાડી રુમેશ થરાંગા પથિરાગે પોતાના બીજા પ્રયાસમાં 89.75 મીટરનો અદ્ભુત થ્રો કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. પાકિસ્તાનનો અર્શદ નદીમ 77.41 મીટરના થ્રો સાથે પ્રથમ ત્રણ રાઉન્ડ બાદ જ બહાર થઈ ગયો હતો.

# જદુમણી સિંહે જીત્યો સિલ્વર મેડલ





પુરુષોના 55 કિલો વર્ગની ફાઈનલ મેચમાં ભારતના જાદુમણી સિંહને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાના જે ડિક્સન સામેની કડક સ્પર્ધાત્મક મેચમાં જાદુમણીનો 0-5થી પરાજય થયો હતો.

તેના કરતા વધુ ઉંચાઈ ધરાવતા ઓસ્ટ્રેલિયન બોક્સર સામે શરૂઆતી સંઘર્ષ બાદ જદુમણીએ વાપસી કરીને પ્રથમ રાઉન્ડ 3-2થી પોતાના નામે કર્યો હતો. જોકે, ડિક્સને બીજા રાઉન્ડમાં અદ્ભુત પુનરાગમન કરીને 5-0થી રાઉન્ડ જીત્યો હતો અને આ જ લય જાળવી રાખીને મેચ પોતાના નામે કરી હતી. આ અગાઉ શુક્રવારે રમાયેલી સેમિફાઈનલમાં જદુમણીએ નામિબિયાના ફિલિપ હાઓસેબને 5-0થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

# CWG: તેજસ્વિન શંકર ડીકેથલોનમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો

**ઘૂંટણની** ગંભીર ઈજા છતાં ડીકેથલોનમાં બ્રોન્ઝ જીતી શાનદાર વાપસી કરી



ગ્લાસગો, તા. 31 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં રાષ્ટ્રીય રેકોર્ડ ધારક તેજસ્વિન શંકરે ઘૂંટણની જૂની ઈજાને માત આપીને ઈતિહાસ રચ્યો છે. તે કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં ડીકેથલોન સ્પર્ધામાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો છે. 27 વર્ષીય તેજસ્વિને બે દિવસ સુધી ચાલેલી આ અત્યંત કપરી 10-ઈવેન્ટ્સ સ્પર્ધામાં કુલ 7976 પોઈન્ટ્સ મેળવીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.

ઈજાના કારણે હાઈ જમ્પ સ્પર્ધામાંથી બહાર થવું પડ્યા બાદ તેજસ્વિન ભાવુક થયો હતો પણ બાદમાં તેણે ડીકેથલોનમાં અદ્ભુત પુનરાગમન કર્યું હતું. ગ્રેનાડાના પેરિસ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલિસ્ટ લિન્ડન વિક્ટરે 8096 પોઈન્ટ સાથે ગોલ્ડ જીત્યો હતો, જ્યારે કેનેડાના ડેમિયન વોર્નરે સિલ્વર મેડલ મેળવ્યો હતો.

અંતિમ 1500 મીટર રેસ બાદ બ્રોન્ઝ મેડલ પાક્કો કરનાર તેજસ્વિને જણાવ્યું કે તેનામાં સ્પર્ધાત્મકતા હજુ જીવંત છે. તેણે હવે વધુ ફિટ થઈને આગામી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાનો લક્ષ્યાંક વ્યક્ત કર્યો છે. 2022ની બર્મિંગહામ ગેમ્સમાં હાઈ જમ્પમાં બ્રોન્ઝ જીત્યા બાદ આ તેનો બીજો CWG મેડલ છે.

# 7 મેડલ સાથે ભારતીય પેરા ટીમે કર્યું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

**અગાઉની** તમામ આવૃત્તિઓના કુલ મેડલની બરાબરી કરી પેરા એથ્લેટિક્સમાં મેડલનો 20 વર્ષનો દુકાળ સમાપ્ત





## પુરુષોની પેરા શોટ પુટમાં ભારતે ગોલ્ડ અને સિલ્વર જીત્યો

શનિવારે પુરુષોની પેરા શોટ પુટ F57 સ્પર્ધામાં સોમન રાણાએ 13.40 મીટરના થ્રો સાથે ગોલ્ડ અને શુભમ જુયાલે 13.28 મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. પેરા શોટ પુટમાં ભારતનો આ પ્રથમ ગોલ્ડ છે સાથે જ આ ઈવેન્ટમાં પ્રથમ વખત ભારતે ડબલ મેડલ મેળવ્યા છે.

ગ્લાસગો, તા. 1 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતીય પેરા રમતવીરોએ ઐતિહાસિક પ્રદર્શન કરતા કુલ 7 મેડલ (3 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝ) પોતાના નામે કર્યા છે. 28 સભ્યોની ભારતીય પેરા ટીમે કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં પોતાનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું છે. રસપ્રદ વાત એ છે કે, ભારતે આ એક જ ટૂર્નામેન્ટમાં અગાઉની તમામ આવૃત્તિઓ (2002થી 2022 સુધી) માં મળીને જીતેલા કુલ 7 મેડલની બરાબરી કરી લીધી છે.

આ ભવ્ય સફળતામાં પેરા એથ્લેટિક્સ ટીમે 6 મેડલ (3 ગોલ્ડ, 2 સિલ્વર, 1 બ્રોન્ઝ) જીતીને 20 વર્ષ બાદ મેડલ મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. ઝંડુ કુમારે પેરા પાવરલિફ્ટિંગમાં 1 બ્રોન્ઝ મેડલ જીતીને આ દુકાળ સમાપ્ત કર્યો હતો. ભારતીય ખેલાડીઓએ મહિલા શોટ પુટ F57, પુરુષોની 100 મીટર T47 અને પુરુષોના શોટ પુટ F57 સ્પર્ધામાં ડબલ પોડિયમ (એક જ સ્પર્ધામાં બે મેડલ- ગોલ્ડ અને સિલ્વર) મેળવ્યા હતા. આ સાથે જ ભારતીય એથ્લેટ્સ દ્વારા 1 ગેમ્સ રેકોર્ડ અને 1 એશિયન રેકોર્ડ પણ બનાવવામાં આવ્યો હતો.

રવિવારે પેરા સ્પોર્ટ્સમાં કોઈ ભારતીય મેચ ન હોવાથી ભારતીય પેરા ટીમે કુલ 7 મેડલની ઐતિહાસિક સિદ્ધિ સાથે પોતાની સફળ સફર પૂર્ણ કરી છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### અમેરિકા-ઇરાન ...

તમે જાણો છો કે એક તબક્કે તેઓ કહેશે, 'અમે હવે આ વધુ સહન કરી શકીએ તેમ નથી.' ટ્રમ્પે એમ પણ કહ્યું હોવાનું જાણવા મળે છે કે ઈરાન પરથી હવે ભરોસો ઉઠી ગયો છે. તેઓ વારંવાર મંત્રણાની વાતો કરે છે અને પોતાનું વચન તોડી નાખે છે. દરમ્યાન, કુવૈતે આજે જણાવ્યું હતું કે તેણે ઈરાન તરફથી ડ્રોન હુમલાઓના નવા રાઉન્ડનો જવાબ આપ્યો છે, જ્યારે વ્યુહાત્મક જળમાર્ગમાં એક જહાજ પર પણ હુમલાના અહેવાલ છે. બીજી બાજુ, હમાસે અમેરિકા સાથે વાટાઘાટમાં નિઃશસ્ત્રીકરણની ખાતરી આપી તે પછી પણ ઇઝરાયેલે ગાઝામાં હુમલો કર્યો છે જેમાં ચારનાં મોતનાં અહેવાલ છે.

### જુલાઇમાં જીએસટી ...

વધારો નોંધાયો છે. આ વૃદ્ધિમાં મુખ્યત્વે આયાત પરથી મળતી મજબૂત આવકનો મોટો ફાળો રહ્યો છે. આ ઉપરાંત, સ્થાનિક GST કલેક્શનમાં પણ સારો એવો વધારો જોવા મળ્યો છે. ક્રમિક મહિના દર મહિનાના ધોરણે જોઈએ તો, ગ્રોસ GST કલેક્શન જૂનના 1.95 ટ્રિલિયનથી 8.4 ટકા વધીને જુલાઈમાં 2.11 ટ્રિલિયન થયું છે, જ્યારે નેટ GST કલેક્શન 1.62 ટ્રિલિયનથી 11.6 ટકા વધીને 1.81 ટ્રિલિયન પર પહોંચ્યું છે. કસ્ટમ્સ પરથી નેટ GST આવક 30.3 ટકાના ઘણા ઝડપી દરે વધીને 54,223 કરોડ થઈ, જે આયાત-સંબંધિત કર વસૂલાતની સતત મજબૂતી દર્શાવે છે.

નિષ્ણાતો આ મજબૂત વસૂલાત માટે મજબૂત સ્થાનિક માંગ, ઊંચી આયાત અને વેરા અનુપાલનમાં સતત થયેલા સુધારાને જવાબદાર ગણાવે છે. ઈવાય ઈન્ડિયાના પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું કે, GST કલેક્શનમાં સતત બે આંકડામાં જોવા મળતી વૃદ્ધિ વૈશ્વિક પડકારો છતાં ભારતીય અર્થતંત્રની મજબૂતીની પુષ્ટિ કરે છે. જો કે, તેમણે સાવચેત કરતા એમ પણ ઉમેર્યું હતું કે, આયાતમાંથી મળતી ઊંચી GST આવક ભારતની આયાત પરની સતત નિર્ભરતા પણ દર્શાવે છે, જે લાંબા ગાળાના વિકાસ માટે સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારવાની કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. ઘરેલું વપરાશ પર દર મહિને GST કલેક્શનમાં સતત થઈ રહેલો વધારો દર્શાવે છે કે એકંદરે ઘરેલું વપરાશ હવે મોસમી ફેરફારો અને બાહ્ય પડકારોથી મોટે અંશે અપ્રભાવિત થઈ રહ્યો છે," મણિએ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જુલાઈ મહિનામાં મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને તેલંગાણા જેવા અગ્રણી ઉત્પાદક રાજ્યોમાં GST કલેક્શનમાં વધારો નોંધાયો છે એમ ડેલોઇટ ઇન્ડિયાના પાર્ટનર એમ. એસ. મણીએ જણાવ્યું હતું.

### કેરળમાં ભારે ...

એક યુવકનું મોત થયું હતું અને તેની માતા કાટમાળ નીચે ફસાઈ ગઈ હતી.

મૃતકની ઓળખ જોનીના પુત્ર જોસેફિન તરીકે થઈ છે. જોસેફિનની માતા રેજીના જોની (46) કાટમાળ નીચે ફસાયેલી છે.

ભૂસ્ખલન અને પૂર બાદ, સતીશને વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના પ્રભારી મંત્રીઓને પોતપોતાના જિલ્લામાં જઈને રોકાવા અને રાજ્યભરમાં ભારે વરસાદ ચાલુ હોવાથી બચાવ અને રાહત કામગીરીનું સંકલન કરવા નિર્દેશ આપ્યો હતો.

તેમણે મંત્રીઓ અને જિલ્લા કલેક્ટરો સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

ઇડુક્કી જિલ્લાના કેટલાક ભાગોમાં ભૂસ્ખલન અને પૂરની અસર થઈ હતી.

ઉપ્પુથરા ખાતે, ભૂસ્ખલનમાં પાર્ક કરેલી પોલીસ જીપને નુકસાન થયું હતું. ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ વાહનવ્યવહાર ખોરવાયો હતો.

ચીયાપારા નજીક ભૂસ્ખલન બાદ કોચી-ધનુષકોડી નેશનલ હાઈવે પર વાહનોની અવરજવરને અસર થઈ હતી.

વંદીપેરિયાર ખાતે ચોટ્ટુપુરા નાળામાં પાણીનું સ્તર વધવાને કારણે નેશનલ હાઈવે 183 પર પાણી ભરાઈ ગયા હતા.

પાડોશી કોટ્ટયમ જિલ્લામાં, ભારે વરસાદને કારણે એરાટ્ટુપેટ્ટા, કાંજીરાપલ્લી, કૂટ્ટિકલ, એરુમેલી અને પાલામાં વ્યાપક પૂર આવ્યું હતું, જેનાથી વ્યાપારી અને રહેણાક વિસ્તારો જળમગ્ન થયા હતા, વાહનવ્યવહાર ખોરવાયો હતો અને બચાવ કામગીરી શરૂ કરવાની ફરજ પડી હતી.

### કોમર્શિયલ LPGના ...

આ વધારાએ ૧ જુલાઈએ કરાયેલા તેટલા જ પ્રમાણના ઘટાડાને નાબૂદ કરી દીધો છે. કમર્શિયલ એલપીજીના દરોમાં ૧ જુલાઈ અને ૧ ઓગસ્ટના રોજ થયેલા આ બે ઘટાડા પહેલાં, પશ્ચિમ એશિયાની કટોકટીના કારણે જૂન મહિનામાં ભાવ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા હતા. ફેબ્રુઆરીના અંતમાં સંઘર્ષ શરૂ થયા પછી, કમર્શિયલ એલપીજીના દરોમાં ૧૯ કિલોના સિલિન્ડરદીઠ રૂ. ૧,૩૭૩નો વિરાટ વધારો થયો હતો–જે ફેબ્રુઆરીમાં રૂ. ૧,૭૪૦.૫૦ પર હતો તેનાથી વધીને જૂનમાં રૂ. ૩,૧૧૩.૫૦ થઈ ગયો હતો. આ સાથે જ, ૫ કિલોના માર્કેટ પ્રાઇસ્ડ (બજાર ભાવના) એલપીજી સિલિન્ડરની કિંમત રૂ. ૮૦૮.૫૦ પરથી ઘટાડીને રૂ. ૭૬૨ કરવામાં આવી છે. આ દરો– જે આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક ભાવો અને વિદેશી મુદ્રાના વિનિમય દરના આધારે દર મહિનાની પહેલી તારીખે સુધારવામાં આવે છે તે મૂલ્ય વર્ધિત કર (VAT) જેવા સ્થાનિક કરવેરાના આધારે રાજ્યે-રાજ્યે અલગ-અલગ હોય છે.

ઘરગથ્થુ રસોડામાં વપરાતા ડોમેસ્ટિક (ઘરગથ્થુ) એલપીજીના દર ૧૪.૨ કિલોના સિલિન્ડરદીઠ રૂ. ૯૪૨ પર યથાવત રહ્યા છે. ડોમેસ્ટિક એલપીજીના ભાવમાં છેલ્લે ૭ જૂને ૧૪.૨ કિલોના સિલિન્ડરદીઠ રૂ. ૨૯નો વધારો કરવામાં આવ્યો હતો. પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે પુરવઠામાં વિક્ષેપ અને આંતરરાષ્ટ્રીય ઊર્જાના ભાવમાં ઉછાળો આવ્યા બાદ માર્ચ મહિનામાં દરોમાં રૂ. ૬૦નો વધારો થયો હતો.

### સંસદ પરિસરમાં ...

સાંસદ રાજેશ રંજન(પપ્પુ યાદવ) રામ મંદિરમાં થયેલી કથિત ચોરીના પ્રતીક રૂપે તે પૈસા પોતાના ખિસ્સામાં સરકાવી લીધા હતા. ઉલ્લેખનીય છે કે, પપ્પુ યાદવ બિહારની પૂર્ણિયા સીટ પરથી અપક્ષ સાંસદ છે, જ્યારે અવધેશ પ્રસાદ ઉત્તર પ્રદેશની ફૈઝાબાદ બેઠક પરથી સમાજવાદી પાર્ટીના સાંસદ છે.

### દ. ગુ. બાદ હવે ...

રાજ્યમાં અત્યાર સુધી 27,861 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે 53 લોકોનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સુરત અને ખેડા જિલ્લામાં પૂરના પાણી ઓસરતાં અનેક સ્થળોએ મૃતદેહો મળી રહ્યા છે અને વહીવટી તંત્રએ અત્યાર સુધીમાં 20થી વધુ લોકોના મોતની પુષ્ટિ કરી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં સતત વરસાદને કારણે અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા છે. નાના કેરાળા ગામની સીમમાં પાણીના પ્રવાહ વચ્ચે ફસાયેલા બે શ્રમિકો અને એક બાળક સહિત ત્રણ લોકોનું બોટ મારફતે સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ચોટીલા પંથકમાં જાંબુરી નદી પર આવેલો ત્રિવેણી ઠાંગા ડેમ ઓવરફ્લો થતાં નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. લીંબડી શહેરની પાંચથી વધુ સોસાયટીઓમાં વરસાદી પાણી ઘૂસી જતાં લોકોના ઘરોમાં પાણી ભરાઈ ગયા છે, જ્યારે ગ્રામ્ય કચેરી અને વીજ સબસ્ટેશન સુધી પાણી પહોંચી જતાં 21 ગામોના વીજ પુરવઠા પર સંકટ ઊભું થયું છે. વઢવાણ તાલુકાના કટુડા ગામમાં ગામ બેટમાં ફેરવાઈ ગયું છે અને અનેક રસ્તાઓ પાણીમાં ગરકાવ બન્યા છે. સાબરકાંઠાના ઈડરમાં મેઘરાજાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

ધોધમાર વરસાદથી ડેભોલ નદી ગાંડીતૂર બનતાં ધસમસતા પૂરના પાણીમાં એક કાર તણાઈ ગઈ હતી. શહેરના અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં છે. માર્ગ અને મકાન વિભાગની કચેરીમાં પાણી ઘૂસી ગયાં છે અને ઈડર-વલાસણા હાઈવે પર પણ વાહનવ્યવહારને અસર પહોંચી છે. દેવભૂમિ દ્વારકામાં ઝરમર વરસાદ વચ્ચે દરિયામાં ભારે કરંટ અને ઊંચા મોજા ઉછળતાં ગોમતી ઘાટ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. કચ્છમાં વરસાદે બે વિરોધાભાસી દૃશ્યો સર્જ્યાં છે. ભુજ શહેરમાં માત્ર અડધો ઈંચ વરસાદ પડતાં જ સ્ટેશન વિસ્તાર ઘૂંટણસમા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, ઐતિહાસિક હમીરસર તળાવમાં નવા નીરની આવક થઈ છે. ભારે વરસાદને કારણે સુરેન્દ્રનગર જિલ્લાના પાણશીણા ગામમાં આશરે 1,000 એકર ખેતીલાયક જમીન પાણીમાં ગરકાવ થઈ ગઈ છે.

બીજી તરફ દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત અને તાપી જિલ્લામાં સતત ભારે વરસાદથી પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. કીમ અને ટોકરી નદી ગાંડીતુર બનતાં ઓલપાડ, માંગરોળ અને હાંસોટનાં અનેક ગામો જળમગ્ન થયાં છે. ભરૂચના નેત્રંગમાં ૭ ઈંચ અને તાપીના ડોલવણમાં ૧૦.૮ ઈંચ વરસાદ નોંધાયો છે. નેત્રંગમાં ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ વચ્ચે ખરેઠા ગામે કોતરમાં અચાનક પાણીનો પ્રવાહ વધતાં ૫૭ વર્ષીય મહિલા તણાઈ જતાં મોત થયું હતું. કીમ નદીના રૌદ્ર સ્વરૂપને કારણે કઠોદરા ગામ સંપર્કવિહોણું બન્યું હતું, જ્યાંથી સ્થાનિકો તથા કીમની અમન સોસાયટીમાંથી એક વર્ષના બાળક સહિત ફસાયેલા લોકોને આર્મી, SDRF અને પોલીસ ટીમે રેસ્ક્યુ કર્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં કેડસમા પાણી ભરાતાં ખેતી અને માલસામાનને ભારે નુકસાન પહોંચ્યું છે. ઉપરાંત નવસારી શહેરમાં પૂર્ણા નદીના પાણી ઘૂસી જતાં એક લાખ લોકો અસરગ્રસ્ત થયા હતા. બીલીમોરા શહેરમાં વહેલી સવારથી ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અંબિકા અને કાવેરી નદીઓ ભયજનક સપાટી વટાવી રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં તંત્ર દ્વારા 600થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન ચોમાસું અત્યંત સક્રિય રહ્યું હતું. ગુજરાત રિજન અને સૌરાષ્ટ્ર-કચ્છમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. સુરત, તાપી, ખેડા, નવસારી અને ભરૂચ જિલ્લામાં અપવાદરૂપ અતિભારે વરસાદ નોંધાયો હતો, જ્યારે ખેડા, આણંદ, ડાંગ, વલસાડ સહિતના વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદ વરસ્યો હતો. અમદાવાદ, વડોદરા, મહીસાગર, પંચમહાલ, સાબરકાંઠા, નર્મદા, છોટાઉદેપુર અને સુરેન્દ્રનગર જિલ્લામાં પણ ભારેથી અતિભારે વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાં આજે સાંજે 6 વાગ્યા સુધીમાં સરેરાશ 247 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં મોરબી તાલુકામાં સૌથી વધુ 8.66 ઈંચ વરસાદ વરસ્યો હતો. ત્યારબાદ મોરબીના ટંકારામાં 7.32 ઈંચ, સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં 6.93 ઈંચ, મોરબીના હળવદમાં 6.42 ઈંચ, સુરેન્દ્રનગરના વઢવાણમાં 6.18 ઈંચ, મોરબીના માળિયામાં 4.76 ઈંચ, સુરેન્દ્રનગરના લખતરમાં 4.49 ઈંચ, મોરબીના વાંકાનેરમાં 4.33 ઈંચ, નર્મદાના તિલકવાડામાં 4.29 ઈંચ અને ખેડાના મહુધામાં 3.94 ઈંચ વરસાદ નોંધાયો હતો.

**આજે 6 જિલ્લામાં રેડ એલર્ટ**

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમ મધ્યપ્રદેશ અને પૂર્વ રાજસ્થાનને અડીને સક્રિય રહેલું ડિપ્રેશન હવે દક્ષિણ-પૂર્વ રાજસ્થાન પર વેલ-માર્કડ લો-પ્રેશર એરિયામાં પરિવર્તિત થયું છે. જોકે તેની સાથે સક્રિય મોન્સૂન ટ્રફ, ઓફ-શોર ટ્રફ અને અન્ય હવામાન પ્રણાલીઓના કારણે આગામી બે દિવસ રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેશે. હવામાન વિભાગે આજે અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, મોરબી અને બોટાદ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, ભરૂચ, અમરેલી, જામનગર અને કચ્છ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ઉપરાંત પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, નવસારી, વલસાડ સહિતના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે 2 અને 3 ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન, ગાજવીજ અને વીજળીના કડાકા સાથે ભારે વરસાદ પડી શકે છે. જોકે 4 ઓગસ્ટથી વરસાદની તીવ્રતામાં ધીમે ધીમે ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. 5થી 8 ઓગસ્ટ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માત્ર છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

## આજનું પંચાંગ

**તા. 02/08/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** વદ: ચોથ: 23:16-સંકષ્ટ ચતુર્થી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 11
**યોગ :** અતિગંડ **કરણ:** બવ
**નક્ષત્ર :** પૂ.ભા.:- 21:38
રાશિ: કુંભ (ગ,સ,શ,ષ) 15:28 પછી મીન (દ,ચ,ઝ,થ)
**દિવસ :** અશુભ- મંગળ મિથુનમાં 22:53 થી
**સુરતમાં સૂર્યોદય :** 06:14 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:15
**નવકારસી :** 07:02
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 23મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુકાળ:** સાંજે: 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મદદથી સમાજીક કામમાં યસ મળે. પ્રેમ પ્રકરણમાં ધીરજ અને લાગણી પર કાબુ રાખવો.

**વૃષભ (બ,વ,ઉ,):** સ્થાઈ સંપત્તિ બાબતે મદદ મળે. નવી નોકરીની તક મળે. સમાજ જીવનમાં સાવધાની રાખવી.

**મિથુન (ક,છ,ઘ,):** પિતા સાથે ઘર્ષણ થાય. કોઈની વાતોમાં આવીને નિર્ણય બદલવો નહી. અણગમતા સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. સમાજ જીવનમાં યસ મળે.

**સિંહ (મ,ટ,):** શુભ સમાચાર મળે. જૂના મિત્રો- સ્નેહીની મુલાકાત થાય. વિરોધીઓથી સાવધાન રહેવું.

**કન્યા (પ,ઠ,ણ,):** કાયદા-કાનૂન બાબતે ગફલત કરવી નહી. હરીફોથી સાવધાન રહેવુ. બીનજરૂરી ખર્ચા વધશે.

**તુલા (ર,ત,):** સંતાનો સાથે ઘર્ષણ થાય. જીવનસાથીનો સાથ મળે. ઈર્ષાળુ મિત્રોથી સાવધાન રહેવુ. પ્રેમમાં ગેરમસજ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં વિવાદ ટાળવો. બહાર જવાનું બને. માનસિક પિડા સતાવે. નવાં સમાચારથી શાંતિ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. મિત્રોનો સાથે અટકેલા કામમાં મળે. પરિવારના કામની ચિંતા સતાવે.

**મકર (ખ,જ,):** મહત્વનો કામમાં વિઘ્નો આવે. પરિવારમાં ઘર્ષણ રહે. વાણી પર કાબુ રાખવો. ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પડવા-વાગવાથી સાવધાન તેમજ કોઈની વાતોમાં આવવું નહી. છેતરાઈ જવાનું બની શકે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ધર્મકર્મથી શાંતિ મળે. વિદેશનો કામ થાય. અચાનક શુભ સમાચર મળે. ખર્ચા વધશે.

## કોઈ પણ સાલમાં 02 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહનજક રહેશે. વેપાર ધંધાનો વિસ્તાર થાય. આવક વધે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. નોકરીમાં જવાબદારી સાથે પ્રમોશન અને સ્થાનફેરથી કાર્યબોજ વધે. નવી નોકરીની તકો ઊભી થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અનુકુળતાથી અટકેલા કેસમાં ગતિ આવે. નવા કામમાં મદદ મળે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે અને પરદેશમાં ઉચ્ચ શિક્ષણની તક મળે. ઊંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહ બાબતે અનુકુળતા થાય. આવક વધારવાની યોજના સફળ રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. આધુનિક ટેક્નોલોજીનો લાભ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં અનુકુળતા રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 02,11,20,29 તારીખે નવા કામ કરવાં. સફેદ ક્રિમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ-બુધવાર, 05,08 તારીખે નવા કામ ટાળવાં. લીલા, કાળા, નીલા રંગનો ઉપોગ ટાળવો. ચંદ્રના ઉપાય કરતાં રહેવું.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### માથું દુખવું- આંખના રોગ

ઘી પરમ જીવનિય દ્રવ્ય છે. આંખ નબળી પડી હોય તો પણ માથું દુખે છે. નિષ્ણાતોને બતાવી દો. ઘી ગરમ કરી નાકમાં ટીપાં મૂકો. રોજ રાત્રે એક ચમચી ત્રિફલા ચૂર્ણ, મધ અને ઘી સાથે ચાટો. ઘી માથે ઘસો.